૬૩

ક્રમાંકઃઈજર/વહટ/૧૫૫/૦૬/ ૯૭૩૬ થી ૯૭૯૭

નોંધણી સર નિરીક્ષક કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર-૧૩/સી,ખ-રોડ,
ગુજરાતરાજય,ગાંધીનગર,
ગાંધીનગર,તા ૧૫/૫/૦૭

વંચાણમાં લીધુંઃ- (૧) અત્રે નો પરિપત્ર ઈજર/વહટ/૧૫૫/૦૬/ ૧૬૨૦૧-૨૮૦ તા.૧૫/૧૨/૨૦૦૬

પ રિ પ ત્ર :-

રાજયની સાત મહાનગરપાલીકાઓની ૨૫ સબરજિસ્ટ્રાર કચેરીઓમાં તા.૧/૫/૨૦૦૫ થી તથા રાજયની બાકીની ૧૨૪ સબરજિસ્ટ્રાર કચેરીઓમાં તા.૧/૪/૨૦૦૭ થી કોમ્પ્યુટરાઈઝેશન પધ્ધતિ ધ્વારા દસ્તાવેજોની નોંધણી કરવામાં આવે છે. અને નોંધણી અર્થે રજુ થયેલ દસ્તાવેજોમાં સ્થાવર મિલકતની પ્રવર્તમાન બજાર કિંમત મુજબ પક્ષકારે સ્ટેમ્પ ડયુટીની રકમ વાપરેલ હોય તો નિયમોનુસાર ની કાર્યવાહી કરીને દસ્તાવેજનું તુર્તજ સ્કેનીગ કરી અસલ લેખ પક્ષકારને તુર્તજ પરત કરી દેવાના રહે છે. દસ્તાવેજનું તુર્તજ સ્કેનીગ કરી હાર્ડકોપી (ફોટોકોપી) કચેરી રેકર્ડ માટે તૈયાર થતી હોઈ દસ્તાવેજની સાથે ઝેરોક્ષ નકલ લેવાની જરુરિયાત રહેતી નથી.

અત્રેથી તા.૧૫/૧૨/૨૦૦૬ ના પરિપત્રથી રાજયની સાત મહાનગરપાલિકાની કચેરીઓ ને આપેલ સુચના મુજબ જ બાકી રહેતી તમામ સબ રજિસ્ટ્રાર કચેરીઓ ના નોંધણી અમલદાર એ ઉકત વંચાણવાળા પરિપત્રનો તુરત જ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.(પરિપત્રની નકલ આ સાથે સામેલ છે.)

આ નવી વ્યવસ્થાને કારણે પક્ષકારોને કોઈપણ જાતના વિલંબ વિના તેમનો અસલ લેખ કાયદાની તમામ જોગવાઈઓ પરિપુર્ણ થતાં તુર્તજ પ્રાપ્ત થાય અને કોમ્પ્યુટરાઈઝેશનનો સરકારશ્રીનો હેતુ સિધ્ધ થાય તે હેતુસર આ પ્રથા શરુ કરવામાં આવેલ છે. આ પ્રથા અમલમાં આવવાથી પક્ષકારને ઝેરોક્ષ નકલ રજુ કરવી નહી પડે અને સબ રજીસ્ટ્રારશ્રીઓને પણ ડબલ શેરા / સહીઓની કાર્યવાહી કરવાની રહેતી ન હોવાથી કામગીરીમાં ઝડપ આવશે, વહીવટમાં પારદર્શકતા આવશે. અને પક્ષકારોના તેમના લેખ ખુબ જ ઝડપથી પરત મળશે.

આ નવી પ્રથાનો અમલ કરવા તમામ નોંધણી અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવે છે. આ સુચનાનું પાલન થાય છે કે કેમ? તે જોવાની જવાબદારી સબંધિત નાયબ કલેટરશ્રી સ્ટેમ્પ તથા નોંધણી નિરીક્ષકશ્રીઓની રહેશે.

નાયબ નોંધણીસર નિરીક્ષક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) નોંધણી નિરીક્ષકશ્રી,તમામ જાણ તથા તાબાના તમામ સબ રજિસ્ટ્રાર ને નકલો પુરી પાડી ચુસ્તપણે અમલ કરવા/કરાવવા સારુ.
(૨) તમામ નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર, તરફ જાણ વ અમલ સારુ.
(૩) નોંધણી સર નિરીક્ષકશ્રીની કચેરીની તમામ શાખા તરફ જાણ સારું.
(૪) અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પશ્રી ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારુ.

નકલ સવિનય રવાનાઃ-.

(૫) નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ.
(૬) ~~સેટલમેન્ટ કમિશ્નરશ્રી, સ્ટેમ્પ અને નોંધણી તરફ જાણ સા~~રુ.

VVVV